# ખાડી રે બાઈ ખાડી, શું કહો છો દલા તરવાડી!’

નબોલવામાં નવ ગુણ
★ નટવર પંડયા



અમદાવાદ પાસે તો ફક્ત ભુવા જ છે. જ્યારે આપણા સુરતમાં તો ખાડા અને ખાડી બંને છે. આમ અહીં નર અને નારી બંને સ્વરૂપ હાજરા હજૂર છે. આમ પણ નર કરતાં નારી વધુ આક્રમક હોય છે. તેમ અહીં પણ ખાડા કરતાં ખાડી વધુ આક્રમક છે. કારણ કે રસ્તામાં ખાડો હોય તો આપણે તેની બાજુમાંથી સાચવીને નીકળી શકીએ. ખાડો વિફરે નહીં અને કદાચ વિફરે તો પણ આપણા ઘર સુધી આવતો નથી. પણ ખાડી વિફરે ત્યારે આપણા ઘરમાં ઘૂસી જાય છે. વડોદરામાં તો પૂર સાથે કેટલીકવાર મગર પણ ઘરમાં મહેમાન બને છે. તે નગરને મગર સાથે સારી લેણાદેણી છે. સારું છે કે આપણી તાપીમાં કે ખાડીમાં મગર નથી. ભલે અહીં મગર નથી, પણ જનતાની દુર્દશા જોઈને મગરના આંસુ સારનારા તો છે જ!

રસ્તા પર ખાડો જોઈએ એટલે ચોમાસામાં આપણને પેલું ગીત ‘પાન લીલું જોયું ને તમે યાદ આવ્યા’જરા જુદી રીતે યાદ આવે કે’એક ખાડો જોયો ને તમે યાદ આવ્યા, જાણે મોસમનો પહેલો વરસાદ ઝીલ્યો (હે..!) રા..આ..મ!’વિચારકો એવું પણ વદે છે કે ‘ખાડો એટલે કે ભુવો, ભુવો જ્યારે ગહનતામાં સરી પડે છે ત્યારે તે કૂવો બને છે. આમ જુઓ તો આ મહાસાગરો પણ બીજું કંઈ નથી. ધરતી પર પડેલા મોટા ભુવા જ છે ને! એ ભુવા પૂર્ણપણે કુદરતી છે. એ જ રીતે ખાડી પણ કુદરતી છે. જ્યારે રોડ પરના ખાડા સેમી નેચરલ છે એટલે કે અડધા પડધા કુદરતી છે અને અડધા પડધા રોડ બનાવવામાં વપરાયેલ માલ મટીરીયલ ને કારણે છે. ખાડી અને ખાડા બંને વચ્ચે નોંધપાત્ર તફાવત એ છે કે વરસાદ રહી જાય એટલે ખાડાઓ પૂરી દેવામાં આવે છે અને પૂરી દેવામાં આવેલી ખાડીઓને ખુલ્લી કરવાના પ્રયત્નો આવે છે.

નદીઓમાં ધસમસતા પૂર માટેનો શબ્દ છે ‘ઘોડાપૂર’પણ સુરતને ખાડી થકી ‘ખાડીપૂર’એવો નવો શબ્દ મળ્યો છે. ઉપરાંત ‘ખાડીપૂર નિવારણ’એવો રૂપકડો શબ્દસમૂહ પણ મળ્યો છે. તાપી, નર્મદા જેવી મોટી નદીઓમાં તો ઉપરવાસમાં મુશળધાર વરસાદ પડે ત્યારે જ પૂર આવે છે. પણ કેટલીકવાર સુરતની ખાડીઓમાં તો મધ્યમ વરસાદમાંય ખાડીપૂર આવે છે અને ખાડી ગાંડીતૂર બને છે. આનું કારણ જાણવાનો કોઈ તંત્ર મંત્ર વાળાએ ઊંડાણપૂર્વક પ્રયાસ કર્યો હોય એવું અમને લાગતું નથી. પણ અમે તેનું સચોટ કારણ શોધી કાઢ્યું છે. આપ સૌ જાણો છો કે સુરતમાં ‘દેશી’નો ગૃહઉદ્યોગ વર્ષોથી ધમધમે છે. અહીં હીરા ઉદ્યોગ, ટેક્સટાઈલ ઉદ્યોગ વગેરેમાં મંદી આવે છે પણ દેશીના ઉદ્યોગમાં ક્યારેય મંદી આવી નથી. (આવશે પણ નહીં.) આવો દેશી માલ તેના ભાવકો સુધી સમયસર પહોંચે તેની તેના ઉત્પાદકો પૂરેપૂરી કાળજી લે છે. અગાઉ અમેં છાપામાં વાંચેલું અને ફોટા પણ જોયેલા કે કેટલાક દેશીના ડિસ્ટ્રીબ્યુટર્સ પોટલીઓનો જથ્થો ખાડીમાં તરતો મૂકી દે એટલે તે તરતા તરતા આગળ વધે છે અને તેની સમાંતરે ખાડીકાંઠે માલ પર નજર રાખીને વિતરકોના માણસો પગપાળા ચાલતા આગળ વધે છે. આમાં કાયદાવાળા પણ પેલા કિનારે ચાલનારાને પકડી શકે નહી. કારણ કે આરોપી પાસે કોઈ મુદ્દામાલ હોતો નથી. આ રીતે તે દેશીનો જથ્થો યથાસ્થાને પહોંચે છે. આવી પેલી ધારના દેશીની પોટલીઓ ખાડીમાં તરતી હોવાથી ખાડીઓને પણ તેની અસર તો થાય જ ને! એટલે ખાડી બેકાબૂ બને છે. અને તેમાં મધ્યમ વરસાદે પણ પૂર આવે છે. શાંતચિત્તે વિચારો તો સમજાય કે દેશી વિતરકોએ ખાડીપ્રવાહનો જળમાર્ગ તરીકે કેવો સદુપયોગ કર્યો! આવા સમયે ખાડીની, દેશીના વિતરકોની, અને તે પીનારાની પરિસ્થિતિ એકદમ પ્રવાહી હોય છે. આ જ રીતે ખાડીના પ્રવાહનો મુસાફરોના પરિવહન માટે ઉપયોગ કરવામાં આવે તો મેટ્રો ટ્રેનની કે સીટી બસની જરૂર જ ન રહે. વળી કોઈ પણ જાતના ખર્ચ વિના જળમાર્ગ તો આપણને તૈયાર મળે છે. તો આ બાબતે પણ લાગતા વળગતાઓએ વહેલી તકે બિનકૈફ અવસ્થામાં વિચારવું રહ્યું.

**રસ્તા પર ખાડો જોઈએ એટલે ચોમાસામાં આપણને પેલું ગીત ‘પાન લીલું જોયું ને તમે યાદ આવ્યા’જરા જુદી રીતે યાદ આવે કે’એક ખાડો જોયો ને તમે યાદ આવ્યા, જાણે મોસમનો પહેલો વરસાદ ઝીલ્યો (હે..!)**

આનાથી પણ વધુ ઊંડા ઊતરીને અમે સંશોધન કર્યું કે ખાડીઓ મધ્યમ વરસાદે ય ગાંડીતૂર બનવાનું બીજું કારણ એ પણ છે કે આપણે ત્યાં મોટાભાગનો વરસાદ બંગાળની ખાડીમાંથી આવે છે. (અરબસાગરમાંથી વાવાઝોડા આવે છે) આમ બંગાળની ખાડી અને સુરતની ખાડીઓ એ સદીઓથી વિખૂટી પડેલી માસીયાઈ બહેનો જ છે. એટલે બંગાળની ખાડીમાંથી અહીં વરસાદ આવે એટલે સુરતની ખાડીઓને જાણે કે માસીનો દીકરો આવ્યો હોય એવો હરખ થાય છે અને વરસાદનું સ્વાગત કરવા હરખભેર દોડે છે તેથી પૂર આવે છે. બંગાળની ખાડીનું લો પ્રેશર અહીં મન મૂકીને વરસે છે ત્યારે ખાડી આસપાસ રહેતા લોકોનું પ્રેશર હાઇ થઈ જાય છે. બંગાળની ખાડીનું ડિપ્રેશન અહીં પહોંચે છે ત્યારે ખાડીકાંઠાના લોકો ડિપ્રેશનમાં સરી પડે છે. આપણને વિચાર આવે કે જો બંગાળની ખાડીનું લો પ્રેશર આટલી તારાજી કરતું હોય તો હાઈ પ્રેશર તો હાંજા ગગડાવી જ નાખે ને!

ચિંતકોની ભાષામાં કહીએ તો ‘ખાડી એટલે શહેરમાં ભૂલી પડેલી નદી. આવી નદી પોતે ક્યાં જવું છે તે જ ભૂલી જાય છે. બાકી ખાડી પણ મૂળ તો ખળખળ વહેતી નાનકડી નિર્દોષ નદી જ છે. પણ જેમ કોઈ સંસ્કારી ઘરની દીકરીની તેની ગરીબી અને મજબૂરીને કારણે જે દુર્દશા થાય છે. એવી જ દુર્દશા શહેરમાં અટવાઈ ગયેલી નાનકડી નદીઓની થાય છે પછી તે ખાડી કહેવાય છે. ખાડીકાંઠે લોકો મન ફાવે ત્યારે કચરો ઠાલવે છે. અને તેનાથી મોં ફેરવી લે છે બાકી તો તે પણ નદી જ છે અને પૂજનીય પણ છે.

ખાડીમાં પૂર આવ્યા પછી લોકો હોબાળો કરે એટલે લાગતા વળગતાઓ ખાડીને સાફ કરવાની વાતો કરે છે અને સમય વીતતા લોકો તેમને માફ કરે છે.(એટલે કે ભૂલી જાય છે.) સુરતમાં ઘણી ખાડીઓ છે જેવી કે ભેસ્તાન ખાડી, ભેદવાડ ખાડી, મીઠી ખાડી, સીમાડા ખાડી વગેરે.. અને દર વર્ષે ‘ખાડીપૂર નિવારણ’ની બેઠકો યોજાતી રહે છે. તેમાં ‘સમીક્ષા’થાય છે. આ સમીક્ષા શબ્દ સાંભળીને આપણને કોઈ સાહિત્યિક બેઠક હોય એવું લાગે. (જો કે વાતાવરણ તો એવું જ હોય છે.) કેટલાક જાણકાર લોકોએ fb પર લખ્યું છે કે સમોસા ખાવાથી મગજમાં ખાડી પૂર નિવારણના યુનિક આઈડિયા પ્રગટે છે. એટલે આવી બેઠકોમાં પૂર કરતા સમોસા પ્રાધાન્ય આપવામાં છે. આવી બેઠકોમાં એ લોકો ખરેખર દિલથી પ્રયત્ન કરે છે. આ વર્ષે ખાડીપૂર નિવારણ માટે જર્મન સિસ્ટમ અપનાવવા પર પણ ચર્ચા વિચારણા ચાલે છે. આમ દરેક મુદ્દા પર ગહન ચર્ચા વિચારણા કરવામાં આવે છે. અને ચર્ચા કરવા માટે ખર્ચા તો કરવા જ પડે ને! આખરે તો બધું લોકકલ્યાણ માટે જ છે ને! નદીઓને લોકમાતા કહેવામાં આવે છે એ જ રીતે ખાડીઓને ‘લો-કમાતા’(છો ને કમાતા!) કહી શકાય. તમે પેલી દલા તરવાડી (અને વશરામ ભુવા) ની વાર્તા તો વાંચી/સાંભળી જ હશે. તે દલા તરવાડી અહીં કહે છે કે’ખાડી રે બાઈ ખાડી, શું કહો છો દલા તરવાડી! કોન્ટ્રાક્ટ લઊ બે ચાર, અરે લો ને દશ બાર!’આમ અહીં દલા તરવાડી ઘણા છે પણ કોઈ વશરામ ભુવા દેખાતા નથી.

આપણે ગુજરાતીઓ વેપાર ધંધામાં આગળ છીએ કારણ કે આપણે આફતને અવસરમાં પલટાવવામાં કુશળ છીએ. આ વર્ષે ખાડીપુર પછી સેલનો ખેલ શરૂ થયો. તેમાં કેટલીક કપડાની દુકાનોમાં ખરેખર પાણી ઘૂસી ગયું અને બધા કપડા, સાડીઓ વગેરે પલળી ગયું. એટલે દુકાનદારોએ તે માલ સસ્તા ભાવે વેચવા માટે કાઢ્યો અને વીડિયોમાં લોકો તે માલની ખરીદી કરતા જોવા મળ્યા. આ જોઈને જે લોકોને દુકાનોમાં પૂર નહોતું આવ્યું, અમુકને તો દુકાનો જ નહોતી. તે લોકોએ પણ પોતાનો અત્યંત નબળો માલ ગ્રાહકોને પધરાવવા સેલનો ખેલ આદર્યો. અને પોતાનો માલ પણ પૂરમાં પલળી ગયો છે. એવું ગ્લિસીરિનના આંસુ સારતા સારતા કહી ને લોકોને કૂચો માલ પધરાવવા લાગ્યા. કેટલાક ચતુરસુજાણ લોકોને આ સેલના ખેલની ખબર પડી ગઈ એટલે અમુકને વગર પાણીએ ધોઈ નાખ્યા. એટલે તે કલાકારોની કળા તો બૂમરેંગ થઈ અને અવસર આફતમાં પલટાઈ ગયો. જોકે આવું કેટલીકવાર બનતું હોય છે.અને બનવું પણ જોઈએ.

ખાડીપુર વખતે મીડિયા રિપોર્ટરો ઘણીવાર એક મજાનો શબ્દ પ્રયોગ કરે છે કે ખાડીપૂરને કારણે આખો વિસ્તાર ‘જળમગ્ન’બન્યો. આ શબ્દ મને તો બહુ ગમ્યો. આમ સુરતને દર ચોમાસે જળમગ્ન બનવાની ટેવ પડી ગઈ છે.

## *ગરમાગરમ:-*

પત્નીઃ- તમને કહું છું સાંભળો છો, ચાલુ ચાર્જિંગમાં ફોન લઈને ન બેસો!

પતિઃ- કેમ! શું થયું!?

પત્નીઃ-ખીલે ઢોર બાંધ્યું હોય એવું લાગે છે!

